## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**મારી વાઈફ અધિક માસનાં ઊપવાસ કરે છે એટલે મારી સાથે અધિક કચકચ કરે છે, માટે હું રોજ અહીં બેસવા આવુ છુ... તમે કેમ આવો છો..!!**

# શહેરમાં પ્રેમીને શોધવા છોટા ઉદેપુરની યુવતિની રઝળપાટ

ગાંધીનગર,તા.૧૩

છોટા ઉદેપુર જિલ્લાની યુવતિ સાથે સાત વર્ષ સુધી પ્રેમલીલા કરી પ્રેમીએ ગાંધીનગરમાં નોકરી માટે આવીને અન્ય યુવતિ સાથે લગ્ન કરી ઘર સંસાર માંડી દીધો હતો. ત્યારે યુવકનો પત્ની સાથે વિડીયો સોશયલ મિડીયામાં વાઈરલ થતા પ્રેમીકા સુધી પહોંચી ગયો હતો. તેમ છતા પત્ની સાથે છુટાછેડા લઈ પ્રેમીકાને લગ્નની બાંહેધરી આપી ફોન પર વાતચીત કરી સંબંધ યથાવત રાખ્યા હતા. આખરે વારંવારના લગ્નના વાયદાથી કંટાળી યુવતિ ગાંધીનગરમાં પ્રેમીને શોધવા માટે આવી હતી. ત્યારે આટલા મોટા નગરમાં દિવસભરની રઝળપાટ બાદ પ્રેમી ન મળતા યુવતિએ ૧૮૧ અભયમ ટીમની મદદ લઈ પોલીસ મથકે પહોંચી હતી. પરંતુ યુવતિએ પ્રેમી સામે કેસ કરવાની ના પાડતા પોલીસ પણ મુંઝવણમાં મુકાઈ હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયના છેવાડાના છોટાઉદેપુર જિલ્લાના એક ગ્રામ્ય વિસ્તારની ૨૪ વર્ષિય યુવતિના પરિવારમાં ચાર બહેન અને એક ભાઈ છે. ત્યારે યુવતિ નજીકના ગામના યુવક સાથે પરિચયમાં આવી હતી. પરિચય સમય જતા પ્રેમમાં પરિણમ્યો હતો. ત્યારબાદ યુવતિને લગ્નની લાલચ આપી યુવકે શારીરીક સંબંધ બાંધ્યા હતા. ત્યારે

**ગાંધીગરમાં પ્રેમીએ આવી અન્ય યુવતિ સાથે ઘરસંસાર માંડ્યો, પત્ની સાથેનો વિડીયો વાયરલ થતા યુવકનો ભાંડો ફુટ્યો**

સાત વર્ષ સુધી આ સિલસિલો યથાવત રહેવા પામ્યો હતો. ત્યારે પ્રેમી યુવકે અન્ય યુવતિ સાથે ચાર માસ પહેલા લગ્ન કરી લીધાની ખબર પડતા યુવતિ આઘાતમાં સરી પડી હતી. જયારે યુવકે ગાંધીનગરમાં આવી અન્ય યુવતિ સાથે ઘર સંસાર શરુ કરી દીધો હતો. તેમ છતા યુવકે યુવતિને તેની પત્નીને છુટાછેડા દઈ લગ્નની બાંહેધરી આપી સંબંધ યથાવત રાખ્યા હતા. યુવક મોબાઈલ ફોન પર વાતચીત કરી યુવતિને સમયાંતરે મળવા પણ જતો હતો. ચાર મહિનાનો સમય વિતી જવા છતા યુવકે લગ્ન અંગે મૌન ધારણ કરતા યુવતિએ જીદ પકડી હતી. જેથી યુવકે શહેરમાં રહીને ખાગની ફર્મમાં નોકરી કરતો હોવાની કેફીયત વર્ણવી હતી. પરંતુ ઘરનું એડ્રેસ કે નોકરીની જગ્યાનું સ્થળ કહ્યું ન હતું. આખરે કંટાળી યુવતિ ઘરેથી કોઈને પણ કહ્યા વિના ગાંધીનગર આવી પહોંચી હતી. દિવસ દરમિયાન પ્રેમીએ કહેલા સેકટરમાં તેની શોધખોળ કરી હતી. પરંતુ તે મળી ના આવતા અને મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દેતા તેનો સંપર્ક થયો ન હતો. જેથી યુવતિને પ્રેમમાં દગો થયો હોવાની જાણ થતા આપઘાતનો વિચાર આવતા તેને ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈનમાં ફોન કરી વાત જણાવી હતી. જેથી અભયમની ટીમ તાત્કાલીક યુવતિ પાસે પહોંચી ગઈ હતી. ટીમે યુવતિનું કાઉન્સિલિંગ કર્યું હતું. ત્યારબાદ યુવકનો પણ સંપર્ક કરવા માટે પ્રયાસ કર્યો હતો. પરંતુ યુવકનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. જેથી ટીમે યુવતિને કાયદાની સમજ આપી પ્રેમી યુવક સામે કાયદેસરની કાર્યવાહી કરવા જણાવ્યું હતું. પરંતુ યુવતિએ યુવક સામે ફરીયાદ કરવાનું માંડી વાળતા તેના પરિવારના કેટલાક સભ્યોને જાણ કરી હકીકતથી વાકેફ કરી યુવતિને આશ્રય સ્થાનમાં આશરો અપાવ્યો હતો.

# સે-૧૩ આદર્શ નિવાસી શાળામાં રસોઈયાના રૂ.૩૩ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૧૩ આદર્શ નિવાસી શાળાના બ્લોક નં.૫૫-૨ ખાતે રાત્રીના સમયે દરવાજો ખુલ્લો રાખીને રસોઈકામ કરતો પરિવાર સુઈ ગયો હતો. તે સમયે અજાણ્યા શખ્સે રૂમમાં પ્રવેશ કરી થેલીમાંથી રોકડા રૂ.૩૦ હજાર અને બાજુના રૂમમાં રહેલા બે પર્સમાંથી રૂ.૩ હજાર મળી કુલ રૂ.૩૩ હજારની ચોરી કરી ચોર પલાયન થઈ ગયો હતો. જયારે યુવક સવારે ઉઠીને જોયુ તો ચોરીની જાણ થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩ માં આવેલી આદર્શ નિવાસી શાળા માં છેલ્લા ૧૨ વર્ષથી રસોઈકામ કરતા ભવાનભાઈ બળદેવભાઈ ઠાકોર પરિવાર સાથે રહે છે. તેમના પરિવારમાં પત્ની અને બે બાળકો છે. ભવાનભાઈ ગત તા.૧૦ ના રોજ પરિવાર સાથે સુઈ ગયા હતા. તેઓ રૂમનો દરવાજો બાળકોની દેખરેખ માટે ખુલ્લો રાખે છે. જયારે બીજા દિવસે સવારે સાડા પાંચ વાગે ઉઠીને જોયુ તો ભવાનભાઈના રૂમમાં રહેલી થેલી નીચે પડી હતી. જેથી થેલીમાં ચેક કરતા તેમાંથી રૂ.૩૦ હજાર ગાયબ હતા. જયારે બીજા રૂમમાં તપાસ કરતા લાકડાના કબાટ પણ ખુલ્લી હાલતમાં હતા. જે કબાટ તપાસ કરતા ભવાનભાઈની પત્નીના બે પર્સમાંથી રૂ.૩ હજાર મળી કુલ રૂ.૩૩ હજાર અજાણ્યા ચોર શખ્સ રૂમમાં પ્રવેશી ચોરી કરી પલાયન થઈ ગયો હતો. બનાવ અંગે યુવકે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર શખ્સને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.



શહેરના ઘ-૨ સેકટર-૨ સી કોર્નર ખાતે મહેન્દ્રભાઈ સોડાવાળાએ ૬૪ વૃક્ષોનું વાવેતર કરી જન્મદિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે તેમના મિત્રો તેમજ પરિવારજનો હાજર રહ્યા હતા. કાકાએ રૂપીયા ખર્ચીને ખાનગી નર્સરીમાંથી વિવિધ છોડની ખરીદી કરી હતી.



(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

ગાંધીનગર હોમગાર્ડઝ યુનિટ બ્લોક નંબર- ૩૬/૧, છ-ટાઈપ,સેકટર-૧૭, ગાંધીનગર પ્રતિ, તંત્રીશ્રી, હોમગાર્ડઝ દળ એ માનદ દળ છે, અને દળની સારી કામગીરીનો બહોળો ફેલાવો થાય તથા હોમગાર્ડઝ સભ્યોમાં આવી સેવાકીય પ્રવૃત્તિઓનો ઉત્સાહ જળવાઈ રહે, તે માટે આ સાથે સદરહું સેવાકીય કામગીરીના કેટલાક ફોટોગ્રાફ તથા પ્રેસ નોટ મોકલું છું. જે સમાચાર આપના સુપ્રસિધ્ધ સમાચાર પત્રમા

## શહેરમાં મહિલા હેર સ્ટાઈલનો વર્કશોપ યોજાયો



ગાંધીનગર શહેરમાં ઉર્વી રામી, પૂર્વી પ્રજાપતિ આયોજીત હેર સ્ટાઈલ વર્કશોપમાં હેર સ્ટાઈલ સ્પેશ્યાલીસ્ટ આર્ટીસ્ટ ફલક શેખે લાઈવ ડેમોસ્ટ્રેશનથી બહેનોને ટીપ્સ આપી હતી.



સેકટર-૫એ શિવ શક્તિ મંદિર ગોપી મંડળ દ્વારા ભજન કરવામાં આવ્યા એમાં સેકટરની બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો

# કોબા હાઈસ્કૂલ દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

**મારી માટી મારો દેશ અભિયાન અંતર્ગત રેલી નિકળી**

ગાંધીનગર, તા. ૧૩

એચ.એન.જે. કોબાવાળા સ્કૂલ દ્વારા 'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત અમારી શાળામાં વિવિધ પ્રવૃત્તિઓમાં ખૂબજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે અન્વયે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ચિત્રસ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ નંબરમાં ધો. ૯ માં ઠાકોર વૈશાલી એમ., ધો. ૧૦માં વાઘેલા નિશા ડી., ધો. ૧૧માં ઠાકોર રોહન એમ. તથા ધો. ૧૨માં રાવળ હિના એ. પ્રથમ નંબરે વિજેતા થયા હતા. દેશભક્તિ ગીત સ્પર્ધામાં પ્રથમ નંબરમાં ધો. ૯ ઠાકોર હરખા ડી., ધો. ૧૦માં સોલંકી લક્ષ્મી કે., ધો. ૧૧માં ઠાકોર જોગાજી યુ. તથા ધો. ૧૨માં ઠાકોર કોમલ એસ. વિજેતા જાહેર થયા હતા. 'મારી માટી, મારો દેશ' વિષે ધો. ૧૧ની વિદ્યાર્થીની રબારી અર્ચના, રબારી રિદ્ધિએ વક્તવ્ય આપ્યું હતું. શાળાના ગ્રંથપાલ અશ્વિનભાઈ દિવેકર, લલિતભાઈ ચૌધરી તથા સુનિલકુમાર યાદવે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.

વિજેતા વિદ્યાર્થીઓને શાના ઈ. આચાર્ય વી.પી. ખાનપરા તથા શાળા પરિવારે અભિનંદન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

**જીએમઇઆરએસ હોસ્પિટલમાં**

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે એમઆરઆઈ મશીનનું લોકાર્પણ



ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સરઢવ ગામ ખાતેથી આજે કેન્દ્રીય ગૃહ – સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ત્રણ હોસ્પિટલને એમ.આર.આઈ મશિનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રરેક ઉપસ્થિતિ હતી.

રાજયમાં આરોગ્ય લક્ષી સેવાને વધુ સુદૃઢ બનાવવા માટે આ સરકાર કટિબદ્ધ છે. ગાંધીનગરના સરઢવ ગામ ખાતેથી કેન્દ્રીય ગૃહ – સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ગુડાના રૂ. ૮૫.૩૦ કરોડના વિવિધ પ્રકલ્પોના ખાતુમુહૂર્ત અને લોકાર્પણ કર્યા હતા. તે સમારંભમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અને રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ સોલા જીએમઈઆરએસ હોસ્પિટલ, ગાંધીનગર જીએમઈઆરએસ હોસ્પિટલ અને વડોદરાની ગોત્રી જીએમઈઆરએસ હોસ્પિટલને અર્પણ કરવામાં આવેલા એમ.આર.આઈ મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)



કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોર્મસ કોલેજ દ્વારા કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનીઓનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. સ્વાગત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કોલેજના પ્રિન્સિપાલ હરિતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ડો નરેશ દવે અને પ્રો પ્રતિક્ષા બારોટની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને વેલકમ કરવામાં આવ્યુ હતુ.

# શિક્ષણ એ જ્ઞાનની સંપત્તિ છે

ગાંધીનગર, તા. ૧૩

શિક્ષણ એ જ્ઞાનની સંપત્તિ છે. શિક્ષણ એટલે માનવ-સંસાધનનું એક મહત્વપૂર્ણ વિભાગ. વર્ષ ૧૯૬૧ એ એવો સમય હતો જ્યારે દહેગામ તાલુકો શૂન્યાવકાશમાંથી પસાર થઈ રહ્યો હતો.

જેને ઉચ્ચ શિક્ષણ માટે વધુ સારી સુવિધા અને યુવા પેઢી માટે માનવતાના સાર્વત્રિક મૂલ્યનો આદર કરવા માટેના દૃષ્ટિકોણની સખત જરૂર હતી દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટીની સ્થાપના દ્વારા આને સાકાર કરવામાં આવ્યું હતું. દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટી એ ટ્રસ્ટ જે ચાર દાયકા કરતાં વધુ સમયથી અસ્તિત્વમાં છે, તે ગુજરાતમાં એક પ્રતિષ્ઠિત અને પ્રતિષ્ઠિત શૈક્ષણિક ટ્રસ્ટ છે. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ટ્રસ્ટને તેની વર્તમાન પ્રતિષ્ઠા સુધી સંચાલિત અને તેનું પાલનપોષણ કર્યું છે.

આ ટ્રસ્ટની રચના ૧૯૬૧માં કરવામાં આવી હતી, અને સમાજના ઉદાર દાન દ્વારા અને ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ વિઠ્ઠલભાઈ અમીનના દૂરંદેશી પ્રયત્નો દ્વારા ૧૯૬૬માં કોલેજ અને શાળા સાથે તેની પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. માળખાગત સુવિધા સાથે દહેગામ તાલુકાની આ સૌથી પ્રતિષ્ઠિત, સૌથી જૂની અને સૌથી મોટી સંસ્થામાં અમે અભ્યાસ કર્યો તે ખૂબ ગર્વની વાત છે.

દહેગામ એ ગાંધીનગર જિલ્લાનું એક નાનું શહેર છે અને તેની વસ્તી ૪૮૦૦૦ છે. દહેગામ તાલુકામાં એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત, વર્ષ ૧૯૬૬માં સ્થપાયેલી કોલેજ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સાથે સંલગ્ન એ અમદાવાદ પ્રદેશના ગ્રામીણ વિસ્તારની બેવડી ફેકલ્ટી કોલેજ છે. સંસ્થા દહેગામ ખાતે આવેલી છે. કોલેજે માત્ર ગાંધીનગર જિલ્લામાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં પણ આદરણીય પ્રતિષ્ઠા મેળવી છે. દહેગામ કોલેજમાં શિક્ષણ અને સંસ્કૃતિનું સંગમ છે, શરૂઆતના તબક્કામાં કોલેજમાં આર્ટસ અને કોમર્સ ફેકલ્ટીથી થઈ હતી, પરંતુ વિદ્યાર્થીઓની જરૂરિયાતને કારણે, ડીબીએઓયુના અભ્યાસ કેન્દ્ર, કમ્પ્યુટર અને અંગ્રેજી વિષય પણ અનુક્રમે ૧૯૮૫, ૨૦૦૫ અને ૨૦૦૬માં ઓફર કરવામાં આવ્યા હતા. દહેગામ કોલેજમાં ગુજરાતી, હિન્દી, મનોવિજ્ઞાન, ઈતિહાસ, અંગ્રેજી અને અર્થશાસ્ત્ર; કોમર્સ ફેકલ્ટી એડવાન્સ એકાઉન્ટન્સીમાં ગ્રેજ્યુએશન કક્ષાએ મુખ્ય વિષયો તરીકે, CCC, CCC+ અને કોમ્પ્યુટરના બેઝિક કોર્સ જેવા વ્યાવસાયિક અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને ઓફર કરવામાં આવે છે.

દહેગામ કોલેજમાં આધુનિક ટેકનોલોજીને સાથે રાખીને વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવે છે, કહેવાય છે ને કે ટેકનોલોજી અને ઈન્ટરનેટનો સારો ઉપયોગ કરો તો સ્વર્ગ પણ જોઈ શકાય છે, તેવી જ રીતે આ ટેકનોલોજી અને ઈન્ટરનેટનો વિદ્યાર્થીના અભ્યાસમાં વ્યવસ્થિત અને આધુનિક રીતે ઉપયોગ કરવામાં આવે છે. તાલુકાની સામાજિક સંસ્કૃતિને વિકસાવવા માટે, કોલેજ દ્વારા સારી યોજનાઓ અને કાર્યક્રમો સંચાલિત કરવામાં આવે છે.

નિયમિત શિક્ષણ ઉપરાંત, આ સંસ્થાના ઉચ્ચ લાયકાત ધરાવતા ફેકલ્ટી સભ્યો શિક્ષણમાં નવીનતા અપનાવે છે. વિદ્યાર્થીઓના બહુમુખી વ્યક્તિત્વને જાગૃત કરવાના હેતુથી, સાંસ્કૃતિક, રમતગમત, NSS, NCCWDC જેવી સહ-અભ્યાસિક અને ઈત્તર પ્રવૃત્તિઓ અહીં યોગ્ય રીતે હાથ ધરવામાં આવે છે. નજીકના ભવિષ્યમાં આ સંસ્થા ટૂંકા ગાળાના વ્યાવસાયિક અભ્યાસક્રમો અને કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો શરૂ કરવા જઈ રહી છે.

# પાટનગરના બે યુવાનો સર્પ બચાવવા ૬ હજાર કિમીના પ્રવાસે ઉપડ્યા..!!

**વાઇલ્ડ લાઈફ રેસ્ક્યુઅર દીપક પ્રજાપતિ તથા ટ્રાવેલર કૈરવ નીનામાનું અનોખું સાહસ : એક માસમાં ગાંધીનગરથી કન્યાકુમારી અને રામેશ્વરમ સુધીની બાઈક રાઈડીંગ સાથે વૃક્ષારોપણ કરશે તથા સરિસૃપોને બચાવવા વિશે જાગૃતિ ફેલાવશે**

ગાંધીનગર, તા.૧૩

આજનો યુવા વર્ગ માત્ર સોશિઅલ મીડિયા પર ટાઈમ પાસ કરે છે પણ સાવ એવુ નથી. ખાસ કરીને ગાંધીનગરમાં તો અનેક યુવાનો એવાં છે જેઓ અનેકવિધ પ્રકારની પ્રકૃતિ વિષયક અને સમાજોપયોગી પ્રવૃતિઓ સાથે સંકળાયેલા જોવા મળે છે. આવા જ યુવાનો પૈકી બે યુવાનો આજે એક બાઈક પર સાવર થઈને ગાંધીનગરથી કન્યાકુમારી રામેશ્વરમ સુધીની અંદાજે ૬ હજાર કિલોમીટરની રોમાંચક સવારી માટે નીકળી પડ્યા છે અને તેમની આ સવારી મોજ માણવા માટે નહીં પરંતુ પર્યાવરણ પ્રત્યે તેમજ સરિસૃપોને બચાવવા વિશે જાગૃતિ ફેલાવવા માટે તેઓ કરી રહ્યાં છે.

ગાંધીનગરના વાવોલમાં રહેતા ૩૪ વર્ષીય વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુઅર દીપક પ્રજાપતિ તથા સેકટર-૩ડી ખાતે રહેતા ૩૧ વર્ષીય ટ્રાવેલર કૈરવ નીનામા જેઓ જીપીએસસીમાં ડીવાયએસઓ તરીકે ફરજ બજાવે છે તે બંને યુવાનોને સરિસૃપો વિષે જાગૃતિ ફેલાવવાની ધૂન ચડી છે. આ બંને નવલોહિયા યુવાનો ગાંધીનગરથી કન્યાકુમારી અને રામેશ્વરમ થઈને પરત ગાંધીનગરનો બાઈક રાઈડનો પ્રવાસ હાથ ધર્યો છે અને આજે સવારે તેમણે પ્રસ્થાન કર્યું હતું. અંદાજિત ૬ હજાર કિમીનો આ પ્રવાસ તેઓ

૩૦ દિવસમાં પૂરો કરશે. આ દરમ્યાન તેઓ રસ્તામાં વિવિધ રાજ્યોમાં વૃક્ષારોપણ કરશે તથા સરિસૃપોને બચાવવા વિશે જાગૃતતા ફેલાવા વિવિધ શિબીરો યોજીને નાગરિકોને માહિતગાર કરશે. તેઓ ગાંધીનગરથી નીકળી પુણે, રત્નાગીરી, ગોવાથી પછી કર્ણાટક, કેરળ થઈને તમિલનાડુમાં પ્રવેશશે જ્યાં પહેલાં કન્યાકુમારી જશે અને પછી રામેશ્વરમ જઈને મદુરાઈથી પુણે, નાસિક, શિરડી થઈને પરત ગાંધીનગર ફરશે. ઉલ્લેખનીય છે કે દીપક પ્રજાપતિ ગત વર્ષે જ પોતાના અન્ય એક મિત્ર ભુપેન્દ્ર કોરી સાથે મળીને સર્પ બચાવવા અંગે જાગૃતિ ફેલાવવાના હેતુ માટે બાઈક પર લગલગાટ ૧૨૭ દિવસમાં ૧૨ જ્યોતિર્લિંગ અને પૂર્વોત્તર સહિત ૨૮ રાજ્યોનો પ્રવાસ ખેડીને ૩૦,૨૯૪ કિમી બાઈક રાઈડિંગ કરી ચુક્યા છે. આ સાહસિક યુવાનોની પ્રતિબધ્ધતા પાટનગરનું નામ ઉજાળી રહી છે.



